# મૂર્તિ

સર્વ સાધનનું ફળ

જાન્યુઆરી- ૨૦૨૬
વર્ષ : ૨૩ અંક : ૦૧
વાર્ષિક :₹૫૦/-

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

**અનાદિ મહામુક્તરાજશ્રી અબજીબાપા સ્મૃતિ શતાબ્દી**

100 સંવત ૧૯૮૪-૨૦૮૪ વર્ષ-2028

સંવત ૨૦૮૪ વૈશાખ સુદ ૭ થી વૈશાખ સુદ ૧૫
તા.૧-૫-૨૮ સોમવાર થી ૮-૫-૨૦૨૮ સોમવાર

**શ્રી અબજીબાપાની છતેડી**
• બળદિયા, ભુજ-કચ્છ •




સત્સંગ બ્રહ્મયજ્ઞ, ભરાડા - તા. ૦૬/૧૨/૨૦૨૫



ધનુરમાસ ધૂન - છતેડી ધામ



હળવદ મધ્યે બહેનોના મંદિર નિર્માણનું ખાતમુહૂર્ત - તા. ૦૬/૧૨/૨૦૨૫



સત્સંગ બ્રહ્મયજ્ઞ, ભરાડા - તા. ૦૬/૧૨/૨૦૨૫

ધનુરમાસ ધૂન - છતેડી ધામ

RNI No.: GUJGUJ/2004/52455

જાન્યુઆરી : ૨૦૨૬

વર્ષ : ૨૩

અંક : ૦૧



# મૂર્તિ



## દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી




## તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

## પ્રકાશક

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)

મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨

૯૦૯૯૦ ૪૯૨૮૪

E-mail : abjibapachhatedi@gmail.com

Website : www.abjibapanichhatedi.org

## લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

## પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

## પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ

બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,

ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.

E-mail : swastik.gr@gmail.com






| અનુક્રમ | પેજ |
|---|---|
| શ્રીહરિચરિત્રામૃતમ્ | ૪ |
| સહજ અમૃત | ૬ |
| અબજ અમૃત | ૭ |
| દિવ્યામૃત | ૮ |
| આધ્યાત્મિક જ્ઞાન | ૧૦ |
| શ્રીજી મહારાજનું અન્વય/વ્યતિરેકપણું | ૧૨ |
| આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય | ૧૪ |
| કેળવણી | ૧૬ |



# શ્રીહરિચરિત્રામૃતમ્

સદ્. શ્રી આધારાનંદ સ્વામી રચિત પદ્યનો સંક્ષિપ્ત ગદ્ય અર્થ

ગતાંકથી ચાલુ...

## માંગરોળમાં વાવ ગળાવી અને સમાધિ પ્રકરણ

- માંગરોળમાં રાજા અને પુરજનોને દર્શન દઈ શ્રીહરિ પુરથી બહાર આવ્યા. શ્રીહરિ તથા સહુ જમ્યા. પછી સંતો વાજીંત્ર લઈને ગાન કરવા લાગ્યા. મધ્યરાત્રી સુધી આમ ભક્તિ કરી શ્રીહરિ શયન કરવા ગયા. બીજા પણ પોતપોતાને સ્થાને ગયા. બીજા દિવસે સવારે સંતો વહેલા ઉઠી ધૂન કરવા લાગ્યા. શ્રીહરિ પણ જાગ્યા સૌ નિત્યવિધિ કરી શ્રીહરિને સુગંધીમાન તેલનું મર્દન કરી બ્રહ્મચારીએ (મુકુંદાનંદ અને જેરામ બ્રહ્મચારી) સ્નાન કરાવ્યું. પૂજા કરી શ્રીહરિ તથા સંતોએ આસન ગ્રહણ કર્યું. એવામાં ભક્તો દર્શન કરવા આવવા લાગ્યા. રાજા પણ પધાર્યા અને ચાતુર્માસ માંગરોળ રહેવા વિનંતી કરી.
- માંગરોળમાં રામાનંદ સ્વામીના ગોવર્ધન શેઠ આદિ ઘણા શિષ્ય હરિભક્તો રહેતા હતા. તેમણે શ્રીહરિ તથા સંતોને રસોઈ દેવા મોટી નામાવલી બનાવી. નિત્ય નવી રસોઈ થાય પણ પાણીની અછત હતી. શ્રીહરિએ જ્યાં ઉતારો કર્યો હતો ત્યાં એક પૂરાઈ ગયેલી વાવ હતી. રાજાને પૂછી એ વાવ ગળાવવા માંડી. જેમાં સંતો અને હરિભક્તો સાથે પોતે શ્રીહરિ પણ કામ કરતા. વાવમાં પાણી આવ્યું એટલે પોતે એ ગંગાજળ સમ પાણીમાં સ્નાન પણ કર્યુ અને પૂર્ત-કર્મ વિધિ પ્રમાણે કર્યુ. રત્નજડિત બાજોઠ પર બેસી શ્રીહરિ વાવની પૂજા કરવા બેઠા ત્યારે ચતુર્ભુજરૂપે સર્વ અલંકાર, આયુધ ધારણ કરેલ એવું અલૌકિક સ્વરૂપે, ધર્મ-ભક્તિ અને પાર્ષદો સહિત તેજોમય દર્શન દિધું. પછી શ્રીહરિએ બ્રહ્મ ભોજન કરાવ્યું. સામાન થોડો હતો છતાં શ્રીહરિના પ્રતાપથી અપાર વિપ્રો જમ્યા એવો પ્રતાપ દેખીને ચારે વર્ણનાજનો શ્રીહરિને શરણે થયા. શ્રીહરિ માંગરોળમાં રહી સહુને પંચવર્તમાનનું પાલન કરવાનું અને વ્યસન, ચાર પ્રકારના કુસંગ છોડવાનો ઉપદેશ કરતા અને ધ્યાન કરાવી પોતાના સ્વરૂપનું દર્શન કરાવવા લાગ્યા. તેમજ મતપંથીઓને જેના જે ઈષ્ટદેવ હોય તેનું ધ્યાન કરાવતા અને તેના ઈષ્ટદેવરૂપે પોતાના દર્શન આપતા. શ્રીહરિ પોતે ધૂન કરતા તેમની સાથે સંત-હરિભક્તો પણ ભજન કરતા. તેમને શ્રીહરિના અતિશય તેજોમય દર્શન થતા અને ક્યારેક અક્ષરધામમાં દિવ્ય આભૂષણો અને આયુધેયુક્ત શ્રીકૃષ્ણરૂપે દર્શન દેતા આવો પ્રતાપ જેમણે જેમણે જોયો તે બીજાને કહેતા કે ઘણાય અવતાર થયા છે પણ આવો કોઈ થયો નથી. આવો પ્રતાપ જોઈ સૌ સ્વામિનારાયણનું



સત્સંગમાં તો ભગવાન પ્રત્યક્ષ બિરાજે છે. નથી જાણતા તે સત્સંગની શૈલી રાખતા નથી.

ભજન કરવા લાગ્યા. અધિકારી(પાત્ર) કે અનાધિકારી (કુપાત્ર) એવો કોઈ મેળ રહ્યો નહિ. દર્શન કરતા અધિકારી બનતા.

## માંગરોળમાં નિયમની એકાદશી તથા જન્માષ્ટમી ઉત્સવ; સમાધિ પ્રકરણ

- જેમ કીડીના મુખણાં કરોડ મણ પકવાન માય નહિ તેમ શ્રીહરિનો પ્રતાપ સામાન્યજનોથી માની શકાય નહિ. એ તો તેમના સાથેના અનાદિમુક્તોના પેટમાં જ સમાય. શ્રીહરિ જ્યારે પોતાના આશ્રિતોને ધ્યાનમાં બેસાડી હૃદયમાં વૃત્તિ સ્થિર કરાવી સ્વામિનારાયણ મંત્ર જપાવતા ત્યારે હૃદયમાં અનંત મુક્તોએ સહિત તેજોમય પોતાનું દર્શન દેતા. કોઈ હલાવી ઉઠાડે તો પણ બહાર આવતા નહિ, ત્યારે શ્રીહરિ તેને ઉઠાડતા અને બહાર આવી જે જોયું હોય તે વર્ણન કરતા અને કહેતા જે આ સંતો દેખાય છે તે જ ધામમાં તેજોમય-રૂપે જણાય છે. અને અનંત દેવો, પાર્ષદો, રામાનંદ સ્વામી આદિ મુક્તો શ્રીહરિની મૂર્તિનું પૂજન વંદન કરે છે. અને આ મૂર્તિમાંથી જ સર્વે અવતારો થાય છે. એમ સમાધિમાંથી જાગેલા ભક્તો વાતો કરતા. આમ શ્રીહરિએ માંગરોળમાં રહી નિત્ય સમુદ્રમાં સ્નાન કરવા જતા, અરસ પરસ જળ છાંટતા, કિર્તન કરતા, ડૂબકીઓ મારતા. એમ સમુદ્રને કૃતાર્થ કર્યો.
- સંવત ૧૮૫૯, અષાઢ સુદ-૧૧ દેવપોઢી એકાદશીને દિવસ માંગરોળ તથા બીજા ગામોના હરિભક્તો શ્રીહરિના દર્શને આવ્યા. સહુએ યથાશક્તિ ચાતુર્માસના નિયમ લીધા. આઠ નિયમમાંથી એક નિયમ પોતાને ઈષ્ટ જાણાયો તે લીધો. પછી એક નિયમ શ્રીહરિએ પોતાની ઈચ્છાથી પ્રસન્ન થઈને લેવડાવ્યો કે, ''પ્રત્યક્ષ મૂર્તિનું નિત્ય મહિમાએ સહિત ધ્યાન કરવું.'' જે સહુ હરિભક્તોએ લીધો. આમ જ્યારે હરિભક્તો ધ્યાન કરતા ત્યારે સમાધિમાં જઈ વિવિધ આશ્ચર્યો દેખતા, જે અષ્ટાંગયોગ સાધનારા યોગીઓને પણ દુર્લભ છે. આ જોવા માટે શૈવ, શાક્ત, વૈશ્ણવ નાસ્તિક, બ્રહ્મજ્ઞાની, પ્રણામી, કબીરપંથી, યવન વગેરે જોવા માટે આવ્યા. કેટલાક પંડિતો વાદે કરીને જીતવા આવ્યા પણ કોઈ જીતી શક્યું નહિં. કેટલાક ભૈરવ, ભૂત તથા મૂઠ, ચોટ, જંતર-મંતરની સાધનાવાળા આવ્યા તે પણ કશું કરી શક્યા નહિં. શ્રીહરિ કહે જેની શુદ્ધ રહેણી કહેણી છે તે જ શુદ્ધ મત છે. એ જ સનાતન ધર્મ છે. એમ કરતા જન્માષ્ટમી આવી. એક મંડપ બંધાવ્યો અને નંગજડિત સિંહાસન તૈયાર કર્યું. તેમાં શ્રીહરિ વિરાજમાન થયા. ભાલમાં કેસર ચંદન ચર્ચેલું હતું. વિવિધ પુષ્પના હાર કંઠમાં વિરાજેલ હતા, પાઘમાં ગુલાબી ગુચ્છ ધારણ કર્યા હતા. બંને ચરણમાં મળી સોળ ચિહન શોભી રહ્યા હતા. આવી મૂર્તિ જોઈ બાળક, યુવક, વૃદ્ધ નરનારીને સમાધિ થઈ જતી એ સૌને એક જગ્યાએ ઉપરાઉપરી નાખી મુક્તા.

**ક્રમશઃ**



# સહજ અમૃત

★ બ્રહ્મ સ્થિતિને પામ્યા એવા જે આત્મદર્શી સાધુ તેને પણ આ સંસારને વિષે કોઈ પદાર્થ દેખીને મોહ થતો નથી તો બ્રહ્મથી પર પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના અવતાર તેમને માયા અને માયાના કાર્યથી નિર્લેપ રહેવાય એમાં શું કહેવું? એ તો રહેવાય જ. તો પણ પોતાના ભક્તજનની ભક્તિને અંગીકાર કરવાને અર્થે પંચવિષયને સારી પેઠે ભોગવે છે તેને જોઈને આ સંસારને વિષે અખતરડાયા મનુષ્ય છે તે પરમેશ્વરને વિષે દોષ પરઠે છે અને એમ જાણે છે જે આ તો પરમેશ્વર કહેવાય છે તોપણ એને આપણા કરતાં સંસારને વિષે આસક્તિ છે, એમ જાણીને ભગવાનને મનુષ્ય જેવા જાણે છે, પણ ભગવાનનો અલૌકિક મહિમા તેને જાણતા નથી. (ગ.મ.૬૫)

★ આત્મનિષ્ઠા અને તીવ્ર વૈરાગ્ય હોય પણ જો ભગવાનની ભક્તિ વિના એકલું જે બ્રહ્મજ્ઞાન છે તથા વૈરાગ્ય છે તે તો નકારું જ છે ને સદા અકલ્યાણકારી છે. અને ભગવાનને વિષે ભક્તિ હોય અને આત્મનિષ્ઠા અને વૈરાગ્ય ન હોય તો બીજા પદાર્થને વિષે પ્રીતિ થઈ જાય. પણ જો ભગવાનનો યથાર્થ મહિમા જાણ્યો છે અને પરમેશ્વર વિના બીજું સર્વે તુચ્છ જણાણું છે તે કોઈ પદાર્થમાં મોહ પામતો નથી. માટે આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને ભગવાનની મહાત્મ્યે સહિત ભક્તિ એ ત્રણેય ભેળા હોય ત્યારે કોઈ જાતની ખોટ ન કહેવાય. અને એવો જે હોય તો તે ભક્તને ભગવાનનો જ્ઞાની ભક્ત કહેવાય, એકાંતિક ભક્ત કહેવાય, અનન્ય ભક્ત કહેવાય (ગ.મ.૬૫)

★ જેમને આ જન્મે કે પૂર્વે જન્માંતરને વિષે મોટા ભગવાનના ભક્તનો અપરાધ કર્યો છે, તેની બુદ્ધિ દોષેયુક્ત છે, માટે તેને હરિભક્તના દોષ સુઝે છે અને પોતાના દોષ સુઝતા નથી.(ગ.મ.૬૬)

★ જીવનું કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે, પણ ભગવાન છે તે અતિ સમર્થ છે ને તેમની આજ્ઞાને બ્રહ્માદિક દેવ તથા કાળ-માયાદિક જે સર્વે બ્રહ્માંડના કારણ તે પણ પાળે છે. માટે ભગવાનના ભક્તે ભગવાનની આજ્ઞા દૃઢ કરીને માનવી એ જ ભક્તનું લક્ષણ છે, તે સારું સાધન સર્વે ભગવાનની પ્રસન્નતાને અર્થે દૃઢ કરીને રાખવા. (ગ.મ.૬૬)



# અબજ અમૃત

★ સર્વ સાધનનું ફળ તે એક શ્રીજીમહારાજની મૂર્તિ જ છે. જ્યારે મૂર્તિમાં રસબસ થઈ જવાય ત્યારે સત્સંગ થયો કહેવાય. તે અનાદિ તો સદાય મહારાજની મૂર્તિમાં જ છે. (૧/૨૪૩)

★ જેમ રાજા રાજ્યમાં બેઠા છે અને તેમની સત્તા બધા રાજ્યામાં ચાલે છે તે રાજાના જેવી જ ક્રિયા કરે છે, પણ સત્તા લઈ લેવામાં આવે તો કોઈથી કાંઈ થાય નહિ. તેમ શ્રીજી મહારાજ વ્યતિરેક મૂર્તિમાન અક્ષરધામમાં રહ્યા છે અને એમની સત્તા અક્ષરકોટીથી લઈને સોંસરી બ્રહ્મ, તથા પ્રકૃતિ પુરુષ આદિક સર્વમાં રહી છે, તેથી તે સર્વે ઉત્પત્યાદિક કરે છે. તે સત્તા શ્રીજીમહારાજ લઈ લે તો કોઈથી કાંઈ પણ ન બને એમ અન્વય વ્યતિરેકપણું છે.(૧/૨૪૩)

★ મોહ આંધળો ઘોડો છે. સત્ય એવા ભગવાન, સત્ય એવા સંત, સત્ય એવો આત્મા તેને જાણે ત્યારે મોહ ટળે અને પરિપક્વ સત્સંગી ત્યારે કહેવાય.(૧/૨૪૪)

★ જીવ માયામાં નિરાકાર છે તે ભગવાનના ધામમાં દિવ્ય સાકાર થાય છે. જ્યારે જીવને અનુભવ જ્ઞાન થાય ત્યારે મૂર્તિમાંથી ખુશબો છૂટે છે તે ખેંચીને જીવને મૂર્તિમાં લઈ જાય છે.(મૂર્તિ આકારે કરી દે છે)(૧/૨૪૫)

★ આ સંત અક્ષરધામનો દરવાજો છે. તે પોતાના જેવી સ્થિતિ કરાવે, જો કરવા મંડીએ તો. એમ પુરુષ પ્રયત્ન કરે તેના પર મોટા પુરુષ રાજી થાય અને કૃપા કરે. જીવ સર્વે સત્સંગને દિવ્ય સમજે તો પોતે દિવ્ય થઈ જાય (૧/૨૪૫)

★ અવરભાવ જે આ દેહમાં રહ્યા તે અને પરભાવ જે મહારાજની મૂર્તિમાં રહ્યા તે. એ પરભાવમાં સર્વેને રાખવા છે. આ સત્સંગમાં કેટલાક અનાદિ છે તે ધામમાં રહ્યા થકા જ અહિં દેખાય છે. (૧/૨૪૫)

★ વૃત્તિનું લીનપણું એ તો સાધન દશાનું છે. સિદ્ધદશામાં તો જીવનું લીનપણું છે. વૃત્તિ તો માયિક છે જ્યારે જીવ અને ભગવાન તો દિવ્ય છે. તે દિવ્ય વસ્તુને વૃત્તિ હોય નહિ. એ તો આપ સત્તાએ જુએ છે. આ સભામાં ઉપશમદશાવાળા, નિરાવરણ દૃષ્ટિવાળા અને સ્વતંત્ર અનાદિમુક્ત પણ છે. તેમને ઓળખીને જીવ જોડવો.તો સાધનનો અવધિ આવી રહે; સિદ્ધભાવ આવી જાય (૧/૨૪૫)



જે સત્સંગને દિવ્ય ન સમજે અને સર્વેના ઉપરી મહારાજ છે એમ ન સમજે તેને આ લોકમાં ઘણું કરવાનું રહી જાય છે.

# દિવ્યામૃત



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી


• સાધનદશામાં પહેલા તો જ્ઞાને કરીને દૃઢ સમજણ થઈ જાય. તે પછી મહારાજ દયા કરે ત્યારે માયા ટાળીને પોતાની મૂર્તિના સુખમાં રાખે છે. માટે અત્યારથી જ આપણે મરી જાવું જોઈએ. એમ માનો કે મરી ગયા. દેહ નથી અને દેહ પડશે ને ધામમાં જશું એ ખોટી વાત છે. દેહ હોય તો દેહ પડે ને? દેહ તો બળી ગયો. આત્માને મહારાજે મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો. જીવ મટાડી દીધો. જેવા અનાદિમુક્ત તેવો અનાદિમુક્ત કરી મૂર્તિમાં મહારાજે રાખી દીધો. માટે હું અનાદિમુક્ત છું. મૂર્તિમાં જ છું. તે જવુંય નથી ને આવવુંય નથી. સદાય આમ જ છું એ સમજણ એવી કરવી. પછી મહારાજ એવી સ્થિતિ ભોગવાવે પણ જીવમાં હા પડવી જોઈએ. પણ એમ થાય જે હજી ઘાટસંકલ્પ થાય છે. હજી સુખ આવતું નથી. મારું મન મૂર્તિમાં જોડાતું નથી. એમ સંકલ્પ કરે તો એટલી સમજણ ન કહેવાય. ઓલાને એવો તર્ક ન થાય. મહારાજે મને મૂર્તિમાં રાખ્યો. તો મૂર્તિમાં રાખી દીધો. મહારાજ કહે કે મોટા બાપા જેવા કહે તે સત્ય છે. બાપા કહેતા કે જાઓ તમને મૂર્તિમાં રાખી દીધા. તમારા દેહ સ્વભાવ તો કાઢી નાખ્યા. પછી એમ જ થઈ જાય કે મોટાએ કીધું તે થઈ ગયું.

• મહારાજ કહે અમે તમને કહીએ કે જાવ, આ દેહ-સ્વભાવ કાઢી નાખ્યા ને તમને મૂર્તિમાં મેલી દીધા. દેહ તો દેખાવાનો પણ મહારાજનું વચન સાચું મનાય કે મહારાજ જે બોલ્યા તે સાચું, તો તે મુક્ત થઈ ગયો. સાચું મનાય તો થઈ ગયો અને તર્ક રહે તો રહી જાય છે. મહારાજના વચનમાં એવો તર્ક ન થવો જોઈએ. મહારાજ કે મહારાજનાં મુક્ત કહે એટલે થઈ રહ્યું સહેજે.

• ભગવાનની વાતમાં શંકા-તર્ક-વિતર્ક રહે ત્યાં સુધી મોક્ષમાં વાંધો રહી જાય.

## અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા

• સત્સંગમાં નાના-મોટા સૌનો સમાવેશ મહારાજે કર્યો છે. જેમ ઘરમાં નાના-મોટા હોય છે, પણ સૌને મા બાપ સાચવે છે, તેમ શ્રીજીમહારાજ સૌ કોઈને સાચવે છે, પોષણ કરે છે, અભયદાન આપે છે, જેમ જેમ પચતું જાય તેમ તેમ જમાડે છે. સૌને નિર્ભય કરવા છે, મૂર્તિના સુખથી કોઈને જુદા રાખવા નથી, તેથી પોતે જ કહે છે કે, ''તમો અમારા આશ્રિત થયા છો તે અમારે હેતની વાત કહેવી જોઈએ. 'તેજમાં મૂર્તિ છે તે અમે પોતે જ છીએ.' તમારા સારુ અક્ષરધામમાંથી આવ્યા છીએ.''અનાદિની સ્થિતિ કૃપાએ કરીને કરીએ છીએ.''



• મહામુક્તો મૂર્તિના સુખ વિના કાંઈ ઈચ્છતા નતી. બાપાશ્રીની વાતોમાં છે કે એવા મહામુક્તો અપાર સુખમાં ડુબ્યા જ રહે છે. એમને મૂર્તિ વિના કાંઈ છે જ નહિ. કલ્પે કલ્પ વીતી જાય તો પણ એ સુખમાંથી તૃપ્ત થતા નથી. આવાં વચનોથી અનાદિથી સ્થિતિનો કિંચિત અનુભવ થાય. માટે આવા પરભાવના વચનનું વધુ મનન કરવું. આપણે મૂર્તિમાં છીએ એમ વાચ્યાર્થમાં નહિ, પણ લક્ષ્યાર્થમાં સમજવાનું છે.



જ્યાં જ્યાં મહારાજ અને મોટા વિચર્યા ત્યાં ત્યાં ઝાડ, પહાડ, વસ્ત્ર, વાહન આદિ સર્વે ચૈતન્યમય અને દિવ્ય છે.



## અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા

• મહારાજના સુખ આગળ બધાય સુખ બંધન જેવા છે. આપને દયા કરીને મહારાજ જેવા છે તેવા ઓળખાણા. અને એ વિના બીજે ક્યાંય હેત, પ્રીતિ, આસક્તિ ન રાખવી. દુઃખમાં-સુખમાં, માનમાં-અપમાનમાં ક્યાંય પણ વૃતિ ન ડોલે. સર્વ કર્તા, કારણ, આધાર, સુખના આધાર એક જ ભગવાન છે. આવો પરિપક્વ નિશ્ચય જોઈ.

• બધેથી અરુચી કરી એક મહારાજમાં હેત...એ જ વૈરાગ્ય.

• સાચું નાણું ભગવાન છે. એના મુક્ત છે. એને વિષે હેત, પ્રીતિ, આત્મબુદ્ધિ કરવી. બીજે બધેથી હેત તોળવું. સમજણ આવી રાખવી.

## અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા

• મૂર્તિનું ધ્યાન કરવા માટે દેહમાં જેમ જીવ રહ્યો છે, તેમ આપણે મૂર્તિમાં છીએ. આપણે આ દેહને ભૂલી જવાનો. પહેલા તો આપણું શરીર ભૂલવા પ્રયત્ન કરો કે આપણે છીએ જ નહિ. બધું ભૂલી જાવ. આંખો મીચી જઈએ ત્યારે ક્યાં દેહ દેખાય છે? પછી મન કલ્પના કરે છે. બધું ભૂલી જાવ. મનને સ્થિર રાખીએ અને જેમ દેહમાં જીવ



રહ્યો છેને? તેમ ભગવાનના સ્વરુપમાં આપણો ચૈતન્ય રહ્યો છે. અને અંદર રહીને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. પછી દાસપણું વધતું જશે. નખથી શિખા પર્યંત મહારાજની મૂર્તિ ધારવાની. આ શરીર નથી. એની જગ્યાએ મહારાજની મૂર્તિને નિહાળવી, દર્શન કરવું. પછી નખ-શિખા પર્યંત પાકી કરવી. એ સ્વરુપને બરોબર જોવાનું. અને જોતાં-જોતાં-જોતાં મસ્તકથી નખ સુધી અને નખથી શિખા પર્યંત એમ એકે એક અંગ બરાબર નિહાળી અને પછી હવે મહારાજને ક્રિયા કેમ કરાવવી? પાંચ માનસી પૂજાઓ કેમ કરવી?

• પ્રતિલોમ ધ્યાનમાં મહારાજ બધી ક્રિયા કરે. તો આપણે જમીએ ત્યારે મહારાજ જમેને! જો આ રીતે ધ્યાન પાકું થાય, તો જ્યારે જમવાનું જમાય, ત્યારે આપણે જમતા નથી. આપણને ભગવાન જમતા દેખાય. આપણે એનો દિવ્ય આનંદ લૂંટીએ છીએ. એ અલૌકિક સુખ માણીએ છીએ. ધ્યાન એટલે ભગવાનનું સ્વરુપ સાક્ષાત્ લાગવું જોઈએ. આપણે ક્રિયા કરીએ છીએ એમ નહિ. શ્રીજીમહારાજ બધી ક્રિયા કરે છે એવું દેખાય, એવું દર્શન થાય, ત્યારે એ ખરું ધ્યાન. આમ બેઠા હો કે સૂતા હો, તો મહારાજ સૂતા છે એ અંદર રહીને જુઓ. એ મૂર્તિમાં રહીને મૂર્તિને જોવાની લટક છે. એ સહેલું થઈ ગયુંને! નહિંતર તો કેવી રીતે ધ્યાન કરતાં આવડે? જમતી વખતે તમે જમતા જાવ તો કોને જમાડો બોલો? હું પૂછું કે મહારાજ કરે તો મહારાજ સામું ધ્યાન રાખું કે આમ લેતા જવું ને મૂર્તિનું ધ્યાન રાખવું બેય ક્રિયા કરવી? નહિ મહારાજ જમે છે એના દર્શન કરો. મહારાજ બધી ક્રિયા કરે છે અને એમ કરતા કરતા કાંઈ ક્રિયા ન કરે (ક્રિયાનું અનુસંધાન ન રહે તો) એમ મહારાજની મૂર્તિમાં જોડાઈ જવાનું.

# આધ્યાત્મિક જ્ઞાન

ગતાંકથી ચાલુ.....

સંકલન : અ.મુ.શ્રી મેઘજીભાઈ કે. વિઠાણી, વડોદરા

૩૮૪ ભગવાનની પ્રાપ્તિ માટે જે અનંત સાધન કરવાના કહ્યા છે એમાં એક એવું મોટું કિયું સાધન છે જેણે કરીને સર્વ દોષ ટળી જાય ને તેમાં સર્વે ગુણ આવે ? માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તેના દોષ માત્ર ટળી જાય છે ને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ન હોય તોપણ તે સર્વે આવે છે. (લો.૧૬).

૩૮૫ ઈશ્વરકોટી, બ્રહ્મકોટી ને અક્ષરકોટી તે દિવ્ય, સજાતિ ને ચૈતન્ય છે. (પં.૪).

૩૮૬ જ્યાં સુધી સારા ને નરસા એ બે વિષય તુલ્ય ન જણાય ત્યાં સુધી એ ભક્ત સાધનદશામાં કહેવાય અને જ્યારે તુલ્ય ભાસે ત્યારે સિધ્ધદશાને પામ્યો જાણવો. વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથોનો એ જ ગલિતાર્થ છે કે જ્યારે વિષયમાંથી આસક્તિ મૂકીને સિદ્ધદશાને પામે છે ત્યારે એને કૃતાર્થ થયો જાણવો. ભગવાનના ભક્તે આસક્તિ ટાળવા આકરા થઈને અકળાઈ જવું નહિ, હિંમત રાખીને ધીરે ધીરે મોહનું મૂળ ઉખાડયાનો આદર રાખવો. (મ.૧).

૩૮૭ બ્રહ્મજ્ઞાન :: બ્રહ્મજ્ઞાનમાં આવી રીતે અવળું સમજાય છે – જે બ્રહ્મ છે તે જ પ્રકૃતિપુરુષરૂપે, પછી બ્રહ્મા, વિષ્ણુ, શિવરૂપ ને પછી તે જ બ્રહ્મ સ્થાવર-જંગમરૂપે થાય છે અને તે સ્થાવર-જંગમરૂપ જે આકાર તેને વિષે રહ્યા જે જીવ તે રૂપે પણ બ્રહ્મ થાય છે, એવી રીતે અવળું સમજીને પછી પોતાના જીવને પણ ભગવાન જાણે છે. એમ સમજનારાને ઉપાસનાનો ભંગ થયો ને એ ભગવાનના માર્ગ થકી પડયો. એવી રીતે એમાં એ મોટું વિઘ્ન છે, કાં જે સમજી સમજીને સર્વના સ્વામી એવા જે ભગવાન તેનું જ ખંડન થયું. એવું સમજનાર કલ્યાણના માર્ગથી પડી જાય છે. ।। તો બ્રહ્મજ્ઞાનના માર્ગમાં કેમ સમજવું ? બ્રહ્મ છે તે તો નિર્વિકાર છે, એ વિકારને પામે નહિ અને નિરંશ (નિઃ + અંશ) છે માટે એના અંશ (ભાગ/ટૂકડા) પણ થાય નહિ, બ્રહ્મને જે સર્વરૂપે કહે છે તેનું તો એમ છે જે, એ બ્રહ્મ પ્રકૃતિપુરુષ આદિક સર્વેનું કારણ ને આધાર છે, માટે જે કારણ અને આધાર હોય તે કાર્ય થકી પૃથક હોય નહિ, એ સમજણને લઈને શાસ્ત્ર એ બ્રહ્મને સર્વરૂપ કહે છે પણ એ બ્રહ્મને સર્વરૂપ કહે છે પણ એ બ્રહ્મ જ વિકાર પામીને ચરાચર જીવરૂપે થઇ ગયું એમ ન સમજવું. એ બ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા (શરીર-શરીરી, આધાર-આધેય ને કાર્ય-કારણ ભાવે નોખા) છે ને એ બ્રહ્મના પણ કારણ ને આધાર છે ને પ્રેરક છે, એમ સમજીને પોતાના જીવાત્માની એ બ્રહ્મ સાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવક ભાવે ઉપાસના કરવી. એવી રીતે સમજીને કરવામાં આવે તો બ્રહ્મજ્ઞાન છે તે પણ પરમપદને પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે.- (મ.૩).

૩૮૮ કોઈ એવો આપત્કાળ આવી પડે જે ભક્તિ રાખવા જાય તો ધર્મ જાય ને ધર્મ રાખવા જાય તો ભક્તિ જાય ત્યારે કેને રાખવો ને કેનો ત્યાગ કરવો ? શું કરવું ? પ્રગટ ભગવાન મળ્યા હોય ત્યારે તો ભગવાન જે રાખ્યે રાજી હોય એ રાખવું પણ પરોક્ષ હોય ત્યારે તો ભગવાનનું અખંડ ચિંતવન કરવું તો ભગવાનના માર્ગ થકી પડાય નહિ. - (મ.૪).

૩૮૯ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન કોને થાય ? જેને ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય તથા શ્રધ્ધા હોય તેને અખંડ ચિંતવન થાય. માહાત્મ્ય એમ જાણવું જે ભગવાન પ્રકૃતિપુરુષ થકી પર છે તેવા ને તેવા જ પ્રકૃતિપુરુષમાં અને પ્રકૃતિપુરુષનું કાર્ય જે બ્રહ્માંડ તેને વિષે આવ્યા છે તોપણ તેવા ને તેવા પ્રતાપે યુક્ત છે પણ તેમને કોઈ રીતે માયાનો લેશ અડતો નથી. તે મનુષ્ય જેવા જણાતા હોય તોપણ એને માયિક પદાર્થ બાધ કરવા સમર્થ થાય નહિ અને ગમે તેવા વિષય તેમાં તે કોઈ દિવસ લોપાય નહિ, એવું તેમનું અલૌકિક સામર્થ્ય છે, એમ માહાત્મ્ય જાણે તેને અખંડ ચિંતવન થાય. જ્યાં સુધી વિષયનો લીધો લેવાય ત્યાં સુધી એ ભક્તે ભગવાનનો અલૌકિક મહિમા જાણ્યો નથી. જેને મહિમા સમજાય છે તેને રાજ્ય હોય કે ભીખ માગી ખાય તે

બેય સરખું વર્તે છે અને બાળક સ્ત્રી, સોળ વરસની સ્ત્રી ને એંશી વર્ષની સ્ત્રીમાં સરખો ભાવ વર્તે છે. સંસારમાં સારા-નરસા પદાર્થમાં સરખી ભાવના રહે છે પણ સારા પદાર્થમાં પતંગિયાની પેઠે અંજાઈ જાય નહિ ને ભગવાન વિના બીજા પદાર્થમાં લોભાય નહિ, એક ભગવાનની મૂર્તિમાં જ લોભાય. એવો ભક્ત હોય તો તે ક્યારેય વિષયમાં બંધાય નહિ અને જો એવો મર્મ ન સમજાણો હોય તો ફાટેલ ગોદડી તથા તુંબડીમાંથી પણ મનને ઉખેડવું મુશ્કેલ છે, માટે આવી રીતે ભગવાનની મૂર્તિમું માહાત્મ્ય જાણ્યા વિના બીજા કોટી સાધન કરવાથી પણ મૂર્તિનું અખંડ ચિંતવન થાતું નથી. જે ભગવાનના સ્વરૂપનો મહિમા જાણે છે તેને જ અખંડ ચિંતવન થાય છે. ભગવાનનો મનુષ્યભાવે સહિત મહિમા જાણ્યો છે પણ દિવ્યભાવે સહિત નહિ, તેથી અખંડ ચિંતવન થતું નથી. - (મ.૪).

૩૯૦ ધર્મમાંથી ક્યારે ન પડાય ને મોક્ષને પમાય ? મહારાજ કહે છે કે અમારું સ્વામિનારાયણ એવું નામ એકવાર લીધું હોય તો સર્વ પાપ બળીને ભસ્મ થઇ જાય એવું અતિશે માહાત્મ્ય જાણતો હોય તે એમ વિચારે જે હું કામ આદિક વિષયમાં પ્રવર્તીશ તો મારે મહારાજના ચિંતવનમાં વિક્ષેપ થશે તેથી એકાંતિક નહિ થવાય, એમ ડરતો રહે તો ધર્મમાંથી પડાય નહિ અને મોક્ષને પમાય. (મ.૪).

૩૯૧ યોગયજ્ઞ કોને કહેવાય ? તેનું ફળ શું છે ? :: દશ ઇન્દ્રિયો ને અગિયારમું મન જે જે વિષયમાં ચોંટે ત્યાંથી પાછા વાળીને બ્રહ્મઅગ્નિને વિષે હોમવા, આત્માને વિષે રાખવા તે યોગયજ્ઞ છે. આત્મામાં મૂર્તિ દેખાય તે યોગયજ્ઞનું ફળ છે. (મ.૮).

યોગવિધા પ્રાણાયામ :: ભગવાનનું ધ્યાન કરવું એ ખરો યોગ છે. પ્રાણ ખેંચાઈને મૂર્તિમાં જોડાઈ જાય એ ખરો પ્રાણાયામ. યોગ એટલે જોડાવું.

૩૯૨ જ્ઞાનયજ્ઞ કોને કહેવાય ? અંતર્દ્રષ્ટિ તે શું ? અંતર્દ્રષ્ટિ કરીને વર્તવું તે જ્ઞાનયજ્ઞ કહેવાય. બહાર અથવા માહીલી કોરે મૂર્તિ સામી વૃત્તિ કરવી (જોઈ રહેવું) એ જ અંતર્દ્રષ્ટિ છે. બહાર ભગવાનનું દર્શન, પૂજન, કથા-કીર્તન વગેરે ભગવાન સંબંધી બધી ક્રિયાઓ અંતર્દ્રષ્ટિ છે ને એ સર્વે જ્ઞાનયજ્ઞ થાય છે.તે મૂર્તિને અંતરમાં ધારીને તેનું પૂજન-વંદન કરવું તે પણ અંતર્દ્રષ્ટિ છે ને જ્ઞાનયજ્ઞ છે. ઉપાસના વિના કેવળ આત્માને જોવાની ઈચ્છાથી ધ્યાન કરતો હોય તે બાહ્યદ્રષ્ટિવાળો છે, કેમ જે મૂર્તિની ઉપાસના વિના આત્મા પણ દેખાય નહિ. આત્માને માંહી ને આત્માથી બહાર મૂર્તિ જોવી તે અવરભાવની અંતર્દ્રષ્ટિ છે અને મૂર્તિથી બહાર અથવા અંદર રહીને જોવી એ પરભાવની અંતર્દ્રષ્ટિ છે. (મ.૮).

૩૯૩ દર્શન તો જેના તેજરૂપ થાય તેનું જ થાય, માટે આપણે તો મહારાજના તેજરૂપ બ્રહ્મ સાથે એકતા કરવી. મૂળઅક્ષર આદિકના તેજ કે મૂર્તિ સાથે એકતા ન કરવી. મૂળઅક્ષર આદિકના તેજ કે મૂર્તિ સાથે એક્તા કરવાથી મહારાજનું દર્શન થતું નથી. મહારાજના તેજને વિષે એકતા કરવાથી મહારાજ ને ભક્ત વચ્ચે આવરણ રહેતું નથી ને મહારાજનું દર્શન થાય છે, જેમ સૂર્યનો પ્રકાશ નેત્રમાં આવે છે તેણે કરીને સૂર્યનું દર્શન થાય છે પણ ચંદ્રનો પ્રકાશ નેત્રમાં આવે તો સૂર્ય ન દેખાય તેમ મહારાજના તેજને ને ભક્તના ચૌતન્યને એકતા થાય ત્યારે જ મહારાજનું દર્શન ને સમીપપણું થાય છે. માટે મહારાજના તેજ સાથે એકતા કરવી. (મ.૩૧).

૩૯૪ મ.૩૧ માં એમ કહ્યું છે કે વૈરાજપુરુષને એનો બાપ જે પુરુષ જાળવે છે. એટલે શું સમજવું ? વૈરજપુરુષની સો વરસની આયુષ્ય પૂરી થાય છે ત્યારે તેના કાર્યનો તથા પંચભૂતનો તથા અહંકાર, મહતત્ત્વ એ સર્વેનો નાશ થાય છે. તે વખતે પ્રધાનપુરુષની સાંજ પડે છે, ત્યારે પ્રધાનપુરુષ વૈરાજપુરુષને પોતાને લોકમાં રાખે છે અને સૃષ્ટિ સમે પ્રધાન દ્વારે ઉપજાવે છે. એના સ્થાનમાં રાખે છે એટલે જાળવે છે એમ સમજવું.

**ક્રમશઃ**


સત્સંગ તો કલ્પતરૂ સમ છે. શ્રીજીમહારાજે સમ ખાધા કે આ બધા અક્ષરધામના મુક્ત છે એમ હું સર્વેને દેખું છું.

# શ્રીજીમહારાજનું અન્વયપણે તેમજ વ્યતિરેકપણે વ્યાપકપણું - વચનામૃતને આધારે

શ્રી રાજ વકીલ - અમદાવાદ

ગત અંકમાં આપણે જોયું કે શ્રીજીમહારાજે પ્રથમના ૭,૧૩,૪૧,૪૫, સારંગપુરના ૫, મધ્યના ૩,૧૦ ઈત્યાદિક વચનામૃતોમાં પોતાનું અન્વય સ્વરૂપ જે તેજ તે દ્વારે સર્વત્ર વ્યાપકપણું સમજાવ્યું અને લોયાના ૪,મધ્યના ૪૨,૬૪, વડતાલના ૧૩ ઈત્યાદિક વચનામૃતોમાં પોતાનું વ્યતિરેકપણે વ્યાપકપણું સમજાવ્યું. તેમજ બાપાશ્રીએ પ્રથમના ૩૩ના રહસ્યાર્થમાં શ્રીજીમહારાજનું અન્વય/વ્યતિરેકપણું સમજાવ્યું.

આ વખતે આપણે શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામનું અન્વય તેમજ વ્યતિરેકપણું વચનામૃત ને આધારે જોઈશું.

સામાન્ય રીતે અન્વય/વ્યતિરેકપણું બહુધા મૂર્તિને અનુલક્ષીને શાસ્ત્રોમાં વર્ણવેલું હોય છે કે જે મૂર્તિમાન હોય તેને વ્યતિરેક કહેવાય અને તેના પ્રકાશને અન્વય કહેવાય. સંપ્રદાયમાં ઘણાને પ્રશ્ન થાય છે કે અક્ષરધામ તો નિરાકાર એકરસ તેજ છે તેમાં અન્વય વ્યતિરેકપણું કેવી રીતે સંભવી શકે?

પ્રથમના ૭માં શ્રીજીમહારાજે કહ્યું કે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહેયુક્ત જે જીવને કહેવો તે એ જીવનો વાચ્યાર્થ છે કહેતાં જીવનું અન્વયપણું છે અને એ ત્રણ દેહથી પૃથકપણે સત્તામાત્ર જે કહેવો તે જીવનો લક્ષ્યાર્થ છે કહેતાં જીવનું વ્યતિરેકપણું છે.

સારંગપુરના ૫માં શ્રીજીમહારાજે કહ્યું કે જન્મમરણનું ભોક્તા એવું જે જીવનું સ્વરૂપ તે અન્વય જાણવું અને અછેદ્ય, અભેદ્ય, અવિનાશી એવું જે જીવનું સ્વરૂપ તે વ્યતિરેક જાણવું.

પ્રથમનાં ૭૮માં શ્રીજીમહારાજે કહ્યું કે જ્યારે દેહને વિષે સુખદુ:ખનો યોગ થાય છે ત્યારે તે સુખદુ:ખને જીવ પોતાને વિષે માને ત્યારે તે જીવ અન્વયપણે છે અને જ્યારે ત્રણ દેહના સુખદુ:ખથી પોતાને ન્યારો સમજે ત્યારે એ જીવ વ્યતિરેક છે.

ઉપરોક્ત ત્રણ વચનામૃતો દ્વારા શ્રીજીમહારાજે સમજાવ્યું કે જીવ નિરાકાર હોવા છતાં તેનું અન્વય વ્યતિરેકપણું સંભવે છે. બાપાશ્રીએ પણ સારંગપુરના ૫ના રહસ્યાર્થામાં સ્પષ્ટ કર્યું કે જીવને જન્મ-મરણ ભોગવવું પડે તે એનું અન્વયપણું કહ્યું છે પણ અન્વય ને વ્યતિરેક બે સ્વરૂપ નથી. તે જ્યારે માયાના બંધનથી મુકાય, ત્યારે જન્મ-મરણરૂપ ઉપાધિ ટળે. માટે સત્તા અથવા શક્તિને અન્વય સ્વરૂપ કહે છે અને સત્તાવાન અથવા શક્તિમાનને વ્યતિરેક સ્વરૂપ કહે છે પણ બે સ્વરૂપ જુદાં નથી. માટે નિરાકાર અને માયાબદ્ધ એવા જીવનું પણ અન્વય વ્યતિરેકપણું સંભવી શકે તો નિરાકાર એવું શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામનું અન્વય વ્યતિરેકપણું કેમ ના સંભવી શકે ?

હવે એક પ્રશ્ન એવો થાય કે માયાબદ્ધ એવા જીવમાં મૂર્તિમાન એવા પ્રકૃતિપુરુષનું પોતાના તેજરૂપ અન્વય શક્તિ દ્વારા અન્વયપણું છે, તેમજ જીવ એ એક નિરાકાર તત્વ છે અને એની વ્યક્તિતા (Identity) જુદી છે જે સાકારની ઉપાસનાથી સાકાર બને છે. માટે જેની વ્યક્તિતા (Identity) હોય તેનું અન્વય વ્યતિરેકપણું સંભવી શકે. જ્યારે


મહારાજનો બાંધેલો સંપ્રદાય તેમની પુષ્ટિમાં રહીએ તો મહારાજ રાજી થાય. જો તોડાય તો મહારાજ કુરાજી થાય. માટે જે કરશે તે ભોગવશે,.

શ્રીજીમહારાજના પ્રકાશરૂપ અક્ષરધામ એ કોઈ તત્વ નથી કે તેની વ્યક્તિતા (Identity) શ્રીજી મહારાજની મૂર્તિથી જુદી હોય. તો પછી અક્ષરધામનું અન્વય વ્યતિરેકપણું કેમ હોઈ શકે?

તો એ બાબતે આપણે જોઈએ કે મધ્યના ૬૪માં શ્રીજીમહારાજે કહ્યું કે ભગવાન શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ છે તે તો રાજાધિરાજ છે અને અખંડ મૂર્તિ છે અને પોતાનું અક્ષરધામરૂપી જે તખત તેને વિષે સદા વિરાજમાન છે, અને તે અક્ષરધામને આશ્રિત અનંતકોટી બ્રહ્માંડ રહ્યાં છે. અને તે શ્રીકૃષ્ણ ભગવાનનું જે અક્ષરધામ છે તે વ્યતિરેકપણે તો પ્રકૃતિપુરુષ થકી પર છે અને અન્વયપણે કરીને તો સર્વે ઠેકાણે છે. જેમ આકાશ છે તે અન્વયપણે કરીને તો સર્વત્ર છે અને વ્યતિરેકપણે તો ચાર ભૂત થકી પર છે, તેમ જ શ્રીકૃષ્ણ ભગવાનનું અક્ષરધામ છે અને તે ધામને વિષે ભગવાન અખંડ વિરાજમાન રહે છે.

ઉપરોક્ત વચનામૃતના આધારે સંપ્રદાયમાં ઘણા એમ કહે છે કે ''અક્ષરધામને આશ્રિત અનંતકોટી બ્રહ્માંડ રહ્યાં છે. અને તે શ્રીકૃષ્ણ ભગવાનનું જે અક્ષરધામ છે તે વ્યતિરેકપણે તો પ્રકૃતિપુરુષ થકી પર છે.'' એમ કહેવાથી મૂર્તિમાન મૂળઅક્ષર જ સમજાય છે, કેમ કે શ્રીજીમહારાજનું પ્રકાશરૂપ અક્ષરધામ એ કોઈ તત્ત્વ નથી જ્યારે મૂર્તિમાન મૂળઅક્ષરની વ્યક્તિતા જુદી છે. માટે આ વનચામૃતમાં કહ્યા મુજબ અક્ષરધામનું અન્વય વ્યતિરેકપણું તે મૂર્તિમાન મૂળઅક્ષરનું જ છે પણ શ્રીજીમહારાજના પ્રકાશરૂપ અક્ષરધામનું નથી. હવે આ પ્રશ્નના ઉત્તર માટે આપણે મધ્યના ૬૪માં વચનામૃતમાં જ આપેલ દ્રષ્ટાંતની આગળની લાઈન જોઈએ કે ''જેમ આકાશ છે તે અન્વયપણે કરીને તો સર્વત્ર છે અને વ્યતિરેકપણે તો ચાર ભૂત થકી પર છે.''

ઉપરોક્ત બાબત એ સ્પષ્ટ કરે છે કે આકાશ નિરાકાર છે અને નિરાકાર હોવા છતાં તેનું અન્વય વ્યયતિરેકપણું શ્રીજીમહારાજે સમજાવ્યું કે તે અન્વયપણે કરીને તો સર્વત્ર છે અને વ્યતિરેકપણે તો ચાર ભૂત થકી પર છે માટે શ્રીજીમહારાજે પોતાના પ્રકાશરૂપ નિરાકાર અક્ષરધામના સંદર્ભમાં જ આકાશની વાત કરી છે. અને તેથી જ પરમ કૃપાળુ બાપાશ્રીએ આ વાતની સ્પષ્ટતા કરતાં મધ્યના ૬૪ના રહસ્યાર્થમાં સમજાવ્યું કે શ્રીજીમહારાજ પોતાના તેજના સમૂહને વિષે પોતાના મુક્તોએ સહિત વિરાજમાન છે તે સમૂહને વ્યતિરેક કહેલ છે, અને એ તેજના સમૂહની અનંત કિરણો છે તે કિરણો મૂળઅક્ષર, બ્રહ્મ તથા મૂળપુરુષાદિક સર્વેને વિષે અંતર્યામીપણે વ્યાપક છે તેને અન્વય કહેલ છે. દ્રષ્ટાંતમાં કહી શકાય કે મૂર્તિમાન સૂર્યના પ્રકાશરૂપ અન્વયશક્તિ જે તેજ તે ગોળારૂપે વ્યતિરેકપણે તો આકાશમાં છે પણ અન્વયપણે સર્વત્ર પૃથ્વી ઉપર છે. માટે અહીં અક્ષરધામ વ્યતિરેકપણે છે એમ કહેવાથી કોઈ વ્યક્તિતાની વાત નથી પણ સૂર્યના પ્રકાશરૂપ નિરાકાર ગોળાની જેમ અક્ષરધામના પ્રકાશના સમૂહની વાત છે. અને એજ પ્રકાશની વ્યાપક કિરણોને અન્વયપણે કહી છે.

આમ શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામનું અન્વય તેમજ વ્યતિરેકપણું મહારાજે તથા બાપાશ્રીએ વચનામૃતમાંથી સ્પષ્ટ કર્યું.

ક્રમશઃ

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

**ગતાંકથી ચાલુ.....**

*સંકલન :- કલ્યાણ નારણ વેકરીયા-બળદીયા*

**વચનામૃતમાં આત્મનિષ્ઠાની દઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિષેશ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.**

## આત્મનિષ્ઠા

ગ.અંત્ય-૧ ભૂંડા દેશકાળાદિકમાં પણ ભક્તિમાં વિઘ્ન થાય નહિ એવી શી સમજણ છે? તેનો ઉતર જે એક તો વૈરાગ્ય જોઈએ અને બીજી આત્મનિષ્ઠા જોઈએ. જો આત્મનિષ્ઠા ન હોય તો જ્યારે દેહમાં સુખ-દુઃખ આવે ત્યારે એ ભક્તની વૃત્તિ ચૂંથાઈ જાય. પછી જેને સુખદાયી જાણે તેમાં પ્રીતિ કરે અને જેને દુઃખદાયી જાણે તે સાથે દ્વેષ કરે. (સમભાવ નથી રહેતો)

ગ.અંત્ય-૨ જેવી શ્વેતદ્વિપમાં સભા છે, ને જેવી ગોલોક-વૈકુંઠને વિષે સભા છે ને જેવી બદરીકાશ્રમને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું. અને સર્વે હરિભક્તને અતિશે પ્રકાશેયુક્ત દેખું છું. તેમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે.

ગ.અંત્ય-૩ આત્મજ્ઞાન એવું છે જે જેમાં કોઈ બીજું પેસે જ નહિ અને વૈરાગ્યનું એવું સ્વરૂપ છે જે સર્વે નામરૂપને નાશવંત દેખાડે માટે આત્મજ્ઞાન અને વૈરાગ્ય એ બે વતે કરીને (બંધનરૂપ જે ) દયા ને સ્નેહનો નાશ થઈ જાય છે. અને સ્થૂળ, સુક્ષ્મ ને કારણ એ આદિક સર્વે ઉપાધીનો પણ નાશ થઈ જાય છે અને કેવળ બ્રહ્મ સત્તામાત્ર રહે છે અને જો તે ભગવાનની ઉપાસના રહિત હોય તો તેને ભગવાન અને ભગવાનના ભક્તને વિષે પણ દયા ને સ્નેહ થતા નથી.

ગ.અંત્ય ૪ જેમ અન્નાદિકના વિકારરૂપ વિર્ય દેહને વિષે છે તેમ પંચ મહાભૂતના વિકારરૂપ માંસનું ચક્ર હૃદયને વિષે છે. તેને વિષે જીવ વિશેષ સત્તાએ કરીને વ્યાપી રહ્યો છે અને સામાન્ય સત્તાએ કરીને દેહને વિષે વ્યાપી રહ્યો છે. તોપણ દેહને મરવે કરીને જીવ મરતો નથી અને દેહના જેવો એ જીવનો નાશવંત સ્વભાવ નથી. જીવતો અવિનાશી છે ને પ્રકાશરૂપ છે ને દેહને વિષે વ્યાપક છે. અને એ જીવને વિષે પરમેશ્વર પણ સાક્ષીરૂપે રહ્યા છે.

## ભગવાનનું મહાત્મ્ય

ગ.અંત્ય-૧ જે ભગવાનના ભક્ત હોય તેને તો ભગવાનને વિષે જ્ઞાનનું અંગ હોય ને કાં તો હેતનું અંગ હોય. તેમાં જે તે જ્ઞાનનું અંગ હોય તે તો ભગવાનનું અતિશય મહાત્મ્ય સમજે અને ભગવાનને અંતરયામી જાણે અને જેને હેતનું અંગ હોય તેને તો ભગવાન વિના અર્ધ ઘડી પણ ચાલે નહિ. અને તેને ભગવાનના ભક્ત ઉપર ક્રોધ, ઈર્ષ્યા કે અવગુણ આવે જ નહિં.

ગ.અંત્ય- ૨ જગતને નાશ્વત દેખે છે. અને દેહને મૂકીને ચૈતન્ય જુદો થઈ જાય છે તેને દેખે છે તોપણ આ જીવને જગતનું પ્રધાનપણું હૈયામાંથી મટતું નથી અને ધન, સ્ત્રી આદિક જે સંસારિક પદાર્થ તેમાંથી પ્રીતિ મટતી નથી તેનું એ કારણ છે જે જેવી જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષ ગુરૂરૂપ હરિને વિષે દઢપણે પ્રતીતિ થાતી નથી. અને આવો સંત સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને (મહારાજ અને મુક્તને) પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને દેહ છતે જ પામ્યો છું; એમ સમજવું

ગ.અંત્ય ૩ આત્મજ્ઞાન અને વૈરાગ્યે કરીને સર્વે માયિક ઉપાધી નિવૃત્તિ પામે છે ત્યારે એ જીવાત્મા છે તે કેવળ બ્રહ્મ સત્તામાત્ર રહે છે અને મન વાણીથી અગોચર છે પણ જો તે જીવને જો શુદ્ધ સંપ્રદાયે કરીને ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય ને ભગવાન અને ભગવાનનું મહાત્મ્ય યથાર્થપણે સમજાયું હોય, તેને તો સર્વ માયિક ઉપાધીનો સંગ ટળી જાય ને પોતાનો જીવાત્મા બ્રહ્મરૂપ થાય તોપણ તેને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે (મોક્ષદાયક) એવી દયાને પ્રીતિ તે નિરંતર રહે છે.

ગ.અંત્ય-૫ ભગવાનની જે ભક્તિ છે તેમાં કોઈ રીતનું વિઘ્ન ન થાય એવી તે કઈ ભક્તિ છે? તેનો ઉતર જે..મહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તેમાં તો કોઈ જાતનું વિઘ્ન આવે નહિ. અને મહાત્મ્ય જાણ્યા વિના પ્રાકૃત બુદ્ધિએ કરીને ભક્તિ કરે તો તેમાં વિઘ્ન આવે છે. એવી ભક્તિ આવ્યાનું સાધન તો મોટા પુરુષની જે સેવા ને પ્રસંગ એ જ છે.

અને જે અતિશે ત્યાગ, વૈરાગ્ય અને આત્મનિષ્ઠાએ યુક્ત હોય અને ઉપરથી નિષ્કામ જણાય પણ જો તેને ભગવાનની મૂર્તિ વિના બીજી આત્મદર્શનાદિક પ્રાપ્તિની હૃદયમાં ઈચ્છા છે તે સકામ કહેવાય અને પરલોકને વિષે જરૂર ન્યુન સુખની પ્રાપ્તિ થાય. અને

**ગ.અંત્ય ૮** ભગવાનના ભક્તે કયે ઉપાયે સદા સુખી રહેવાય? ઉતર જે.. જે ભગવાનના ભક્તને એક તો દઢ (જ્ઞાનેયુક્ત) વૈરાગ્ય હોય અને બીજો સ્વધર્મ હોય અને એ બે સાધને કરીને સર્વે ઈંદ્રિયોને જીતીને પોતાને વશ કરી હોય અને ભગવાનના ભક્તને વિષે પ્રીતિ હોય એવા જે હરિભક્તના લક્ષણ હોય તે આ લોક અને પરલોકને વિષે સદાય સુખીયો રહે. અને જેણે પોતાનાં ઈંદ્રિયો ન જીત્યાં હોય તેને કોઈ ઠેકાણે સુખ થાય નહિં.

**ગ.અંત્ય ૧૯** ભગવાનનો ત્યાગી ભક્ત હોય તેને તો આ દેહ થકી અને દેહના સંબંધી થકી પોતાનો ચૈતન્ય જુદો જાણ્યો જોઈએ જે હું તો આત્મા છું અને મારો કોઈ સાથે લેશમાત્ર સંબંધ નથી.

**ગ.અંત્ય ૨૦** વાસના ટાળ્યાનો શો ઉપાય છે? ઉતર જે.. વાસના ટાળ્યાનો ઉપાય તો આત્મનિષ્ઠાએ સહિત ભગવાનની ભક્તિ છે. અને એકલી ભક્તિ હોય ને આત્મનિષ્ઠા ન હોય તો ભગવાન વિના બીજા પદાર્થમાં પણ હેત થઈ જાય. અને આત્મનિષ્ઠા હોય તો કોઈક ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને અજ્ઞાનીની જેમ ક્ષોભ થઈ આવે પણ ઝાઝીવાર ટકે નહિ.

**ગ.અંત્ય ૨૧** આપણે તો આત્મા છીએ તે દેહના સંબંધી સાથે શા સાંરુ હેત જોઈએ? માટે સત્સંગ કરવો તે તો આત્મસત્તારૂપ થઈને અતિ દઢપણે કરવો પણ દેહ તથા દેહના સંબંધી સંઘાથે હેત રહી જાય એવો સત્સંગ કરવો નહિ.

ઉપરથી તો સકામ જેવો જણાતો હોય પણ ભગવાનની મૂર્તિ વિના અંતરમાં બીજું કાંઈ ઈચ્છતો નથી તો તે નિષ્કામ ભક્ત કહેવાય. તે જ્યારે દેહ મૂકે ત્યારે બહુ મોટા સુખને પામે અને ભગવાનો પાર્ષદ થાય. (એવો મૂર્તિનો પ્રતાપ છે)

**ગ.અંત્ય ૭** ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન સદાય સાકાર મૂર્તિ વિરાજમાન છે. અને ભગવાનના ભક્ત પણ એ ભગવાનના ધામમાં મૂર્તિમાન થકા ભગવાનની સેવાનો વિષે રહે છે. તે ભગવાનનો જેને પ્રત્યક્ષ પ્રમાણ દઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે હું રખે મરીને ભૂત-પ્રેત થાઉં કે રખે ઈંદ્ર-લોક કે બ્રહ્મલોકને પામું. એવો જે ભગવાનનો ભક્ત (પ્રત્યક્ષ દઢ આશારા યુક્ત) હોય તે તો ભગવાનના ધામને જ પામે પણ વચમાં (બીજા લોકમાં) કયાંય ભગવાન એને રહેવા દે નહિ. અને એ ભક્તને મરીને ભગવાનના ધામમાં જાવું એમ નથી, એ તો છતી દેહે ભગવાનના ધામને પામી રહ્યો છે.

**ગ.અંત્ય ૨૧** આપણે તો સત્તારૂપ થઈને ભગવાન તથા ભગવાનના ભક્ત સંગાથે હેત કરવું. શા માટે જે આ સત્સંગ છે તે તો અલૌકિક છે અને જેવા શ્વેતદ્વિપ, વૈકુંઠ ગોલોક તેને વિષે ભગવાનના પાર્ષદ છે, તે જેવા જ આ સત્સંગી છે અને અમે તો જેવા સર્વથી પર જે દિવ્યધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે, તે થકી અધિક જો આ સત્સંગીને (શ્રી ગોપાળાનંદ સ્વામીને) ન જાણતા હોઈએ તો અમને ભગવાન અને ભગવાનના ભક્તના સમ છે. એવા જે દઢ સત્સંગી વૈશ્નવ છે તે જ અમારે તો સગા-વહાલાં છે, ને તે જ અમારી નાત છે અને આ દેહે કરીને અને ધામમાં પણ એવા જ વૈશ્નવ ભેળું જ રહેવું છે. એમ અમારો નિશ્ચય છે ને તમારે પણ એમ જ નિશ્ચય રાખ્યો જોઈએ. શા માટે જે તમે સર્વે અમારે આશ્રિત થયા છો.

**ક્રમશઃ**

# કેળવણી

### કાવ્ય ગાન સ્પર્ધા

તારીખઃ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ ને શનિવારના રોજ શ્રી ઘનશ્યામ એકેડેમી બળદિયા ના પ્રાર્થનાખંડ ની અંદર શાળાના આચાર્ય શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ કાવ્યગાન સ્પર્ધા નું સુંદર આયોજન કરવામાં આવેલ.

વિદ્યાર્થીઓમાં સાહિત્ય પ્રત્યે રુચિ જાગે અને તેમનામાં રહેલી ગાયન કળાને મંચ મળે તે હેતુથી અમારી શાળામાં 'કાવ્ય ગાન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધોરણ ૧ થી ૯ ના ૩૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત શાળાના પ્રાર્થના ખંડમાં સવારે ૧૧:૩૦ વાગ્યે કરવામાં આવી હતી.

સ્પર્ધાનું સંચાલન શાળાના નોલેજ હાઉસના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના ધોરણ ૧ થી ૯ ના વિદ્યાર્થીઓએ ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજીમાં આવતા ટેક્સ્ટ બુક ના કાવ્યો ની એક્શન સાથે ખૂબ જ સુંદર રીતે રજૂઆત કરી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા શાળાના શિક્ષિકા શ્રી દક્ષાબેન રાઘવાણી, મયુરીબેન હિરાણી તથા ગાર્ગીબેન જોષીએ નિભાવી હતી

કાવ્યની પસંદગી, રાગ-લય અને રજૂઆતની શૈલીના આધારે દરેક હાઉસમાંથી વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. અને શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશી દ્વારા પ્રાર્થનાખંડમાં આ વિજેતાઓના નામની જાહેરાત કરવામાં આવી હતી. આમ આ કાવ્યગાન સ્પર્ધા નું સમગ્ર આયોજન શાળાના નોલેજ હાઉસના શિક્ષકશ્રીઓ ડોડીયા વિજયભાઈ, સરવૈયા નિરાલીબા, ભુડિયા પલ્લવી મેડમ દ્વારા કરવામાં આવેલું હતું આ સ્પર્ધા ને સફળ બનાવવામાં શાળાના સર્વે શિક્ષકોનો સહયોગ મળ્યો હતો.

### શ્રી ઘનશ્યામ એકેડેમીમાં ફળો અને શાકભાજીની ઓળખનું આયોજન કરાયું.

તારીખ ૧૩-૧૨-૨૫ ના રોજ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગી બહેન જોષીના માર્ગદર્શન હેઠળ Real Fruits and Vegetables Recognise નું આયોજન કરાયું હતું. જેમાં K.G Section ના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રવૃતિમાં બાળકોને શિક્ષકો દ્વારા ફળો અને શાકભાજીના નામ અને સ્વાસ્થ્ય માટે ફાયદાઓ સમજાવાયા હતા.

બાળકો એ ખૂબ જ આનંદપૂર્વક પોતાના મનપસંદ ફળ અને શાકભાજીનો સ્વાદ માણ્યો હતો. ત્યારબાદ બાળકોએ ફળો અને શાકભાજીના રંગ અને સ્વાદને જાણ્યા હતા.

આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ એ રહ્યો હતો કે બાળકો ફળ અને શાકભાજીના ફાયદાઓની સમજ કેળવી અને તેના લાભો લેતા શીખે અને આ આરોગ્યપ્રદ આહાર ગ્રહણ કરે.

''શ્રી ઘનશ્યામ એકેડેમી - (અંગ્રેજી માધ્યમ) બળદિયા મધ્યે શાળાના C.C.A વિભાગ દ્વારા Recognition Fruits Vegetables and Salad Decoration Competition નું આયોજન કરાયું''

શ્રી અબજી બાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી-બળદિયા ખાતે તારીખઃ- ૧૩ મી ડિસેમ્બર ૨૦૨૫,

શનિવારના રોજ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ શાળાના C.C.A વિભાગ દ્વારા ધોરણઃ- ૧ થી ૫ માટે Recognition Fruits Vegetables અને ધોરણઃ- ૬ થી ૯ માટે Salad Decoration Competition નું એક્સલન્સ હાઉસ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં બાળકોએ ફળ અને શાકભાજી વિશેની માહિતી આપી હતી જેમ કે, રંગ, તેનો ઉપયોગ શેમાં થાય છે, તેમાંથી કયા વિટામિન્સ મળે છે વગેરે.Recognition Fruits Vegetables Competition ધોરણ-૧ માં પ્રથમ ક્રમાંક-ધારક દ્વિતીય- રેયાંશ તૃતિય-ધ્રુતિકા, ધોરણ- ૨ માં પ્રથમ-રશેસ દ્વિતીય-ઘનશ્યામ તૃતિય- સ્નેહિલ,ધોરણઃ-૩માં પ્રથમ- વૃષ્ટિ દ્વિતીય-સિયા તૃતિય-પ્રિન્સી,ધોરણ ૪ માં પ્રથમ- ધ્રુવ દ્વિતીય-કિયાશા તૃતિય- સુરભી અને ધોરણ-૫માં પ્રથમ- સિયા દ્વિતીય-સર્વમ તૃતિય- હેત અને ભૂમિ રહ્યા હતા.

Salad Decoration Competition માં ધોરણ-૬ માં પ્રથમ- શિવમ દ્વિતીય-અક્ષ તૃતિય-રોહન અને જશ એવી જ રીતે ધોરણ-૭ માં પ્રથમ-દીપક દ્વિતીય-હેપ્પી અને પ્રિશા તૃતિય- દિવ્ય પરમાર અને દિવ્ય પટેલ ધોરણ-૮ માં પ્રથમ-રશ્મિ દ્વિતીય-અક્ષ તૃતિય- ક્રિષ્ના ધોરણ- ૯માં પ્રથમ-નિકુંદ દ્વિતીય-પરેશ તૃતીય-દિનેશ અને રિદ્ધિ રહ્યા હતા. આ સમગ્ર સ્પર્ધાનો હેતુ બાળકોમાં ફળ અને શાકભાજી વિશેની વિસ્તૃત માહિતી મળે અને તેનો ઉપયોગ પોતાના રોજિંદા આહારમાં કરે તથા બાળકો સ્વસ્થ આહાર અને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સભાન થાય.ફળોનો આહારમાં વિશેષ ઉપયોગ કરી નાની ઉંમરથી જ બાળકોમાં પોષણયુક્ત ખોરાકના મહત્વની સમજ વિકસે અને તેઓ આરોગ્યદાયક જીવનશૈલી અપનાવે તે દિશામાં આ પ્રવૃત્તિ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ.

''ફળો છે સ્વાસ્થ્યનું સાચું ધન''

આ સ્પર્ધામાં ધોરણ-૧ થી ૫ માં સ્પર્ધાના નિર્ણાયક પલ્લવી ભુડીયા, લોચન પરમાર અને ગાર્ગી જોષી રહ્યા હતા. તથા ધોરણ ૬ થી ૯માં સ્પર્ધાના નિર્ણાયક અર્ચના જોશી, નિરાલીબા સરવૈયા અને મમતા ડોડીયા રહ્યા હતા.

આ સમગ્ર સ્પર્ધાને સફળ બનાવવા માટે એક્સિલન્સ હાઉસના શિક્ષકો દક્ષા રાઘવાણી, મયુરી હિરાણી, હેતલ ભુડીયા અને દેવરાજ ચૌચેટા પોતાના મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

**શૈક્ષણિક પ્રવાસનો અહેવાલ**

તા. ૦૩/૧૨/૨૦૨૫
વાર-બુધવાર

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તારીખ ૦૩/૧૨/૨૦૨૫ થી ૦૮/૧૨/૨૦૨૫ સુધી શાળાના આચાર્ય શ્રી ડો.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસમાં ધો.-૬ થી ૧૦ ના કુલ ૧૦૯ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને શાળાના શિક્ષકોમાં શ્રી નરેશભાઈ, શૈલેષભાઈ, ગૃહપતિ શ્રી રવિભાઈ તથા સેવક શ્રી કલ્પેશભાઈ પણ જોડાયા હતા. આ પ્રવાસ બે બસમાં ઘનશ્યામ ટુર્સમાં લઇ જવામાં આવ્યો હતો.સૌ પ્રથમ તા.-૦૩/૧૨/૨૦૨૫ ને બુધવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અહીંથી પ્રવાસ જવા માટે રવાના થયા હતા. રસ્તામાં રાપરીયા હનુમાનજી (રાધનપુર ) રાત્રે

૮: ૦૦ વાગ્યે પહોંચ્યા અને ત્યાં દરેક વિધાર્થીઓ તથા શિક્ષકો એ હનુમાનજીની આરતી લીધી. ત્યારબાદ રાત્રિભોજન પણ ત્યાં જ કર્યું હતું. ત્યારબાદ જેસલમેર જવા માટે રવાના થયા હતા. વહેલી સવારે ૫:૦૦ વાગ્યે કોટરી રિસોર્ટમાં પહોંચ્યા. ત્યાં સ્નાન કરી અને સવારનો નાસ્તો કરી જેસલમેરમાં ફરવા નીકળ્યા હતા. ત્યાં પટવોકી હવેલી, સોનાર કિલ્લો અને ગોલ્ડન સિટી જોઈ હતી. ત્યારબાદ બપોરનું ભોજન લીધું હતું અને આરામ કર્યો હતો. ત્યારબાદ ત્યાંથી ૪ : ૦૦ વાગ્યે રણમાં જવા માટે રવાના થયા હતા. ત્યાં વિધાર્થીઓએ ઊંટ સવારી અને જીપ સવારી કરી હતી. અને ત્યાં સન-સેટ દ્રશ્ય પણ નિહાળ્યું હતું. આવું નયનરમ્ય દ્રશ્ય જોઇને વિધાર્થીઓને ખૂબ મજા આવી હતી. ત્યાંથી અમે રિસોર્ટ જોવા માટે રવાના થયા હતા. ત્યાં દરેકનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તે રિસોર્ટમાં લોકનૃત્ય જોઇને ત્યાં જ રાત્રિભોજન કર્યું હતું. ત્યારબાદ સવારે નાસ્તો કરીને રામદેવ (રણુજા) જવા માટે રવાના થયા હતા. રણુજા દર્શન કરી બપોરનું ભોજન લઇ પોખરણનો કિલ્લો જોઇને જોધપુર જવા નીકળ્યા હતા. ત્યાં પહોંચીને રાત્રિભોજન કર્યું . ત્યારબાદ સવારે સ્નાન કરી અને ત્યારબાદ નાસ્તો કરી મનહોર ઉધાન જોયું હતું . ત્યાંથી મહેરણગઢ કિલ્લો જોઈ બપોરનું ભોજન લઇ માઉન્ટ આબુ જવા નીકળી ગયા હતા. ત્યાં રાત્રિભોજન લઇ સવારે નાસ્તો કરીને માઉન્ટ આબુના સ્થળો જોવા નીકળ્યા હતા. ત્યાં મહાદેવનું મંદિર, ગુરુશિખર, અચલગઢ, અને શુટિંગ પોઈન્ટ ઉપર અમે ફોટા પાડયા અને ત્યાના સ્થળો જોયા હતા. ત્યાંથી નક્કી તળાવ જોઈ બપોરનું ભોજન અંબાજીમાં લઇ અને દર્શન કરી બળદિયા આવવા માટે નીકળી ગયા હતા. રસ્તામાં રાત્રિભોજન ડીસામાં લીધું હતું. ત્યાંથી ભોજન લઇ બસમાં આનંદ-મસ્તી કરતાં બળદિયા તરફ આવવા માટે નીકળ્યા. વહેલી સવારે ૬:૦૦ વાગ્યે બળદિયા પહોંચ્યા હતા.

**ગીતાજયંતીનો અહેવાલ**

તા. ૦૧/૧૨/૨૦૨૫

વાર-સોમવાર

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તા -૦૧/૧૨/૨૦૨૫ સોમવારના રોજ શાળાના આચાર્ય શ્રી ડો. એસ. એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ગીતાજયંતીની ઉમળકાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના તમામ વિધાર્થીઓ તથા શિક્ષકો જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા શ્રીમતિ જીનીબેન બી. મહેતાએ કર્યું હતું.શાળાના આચાર્યશ્રી ડો. એસ. એમ. પટેલ સાહેબ તથા શાળાના તમામ શિક્ષકો તથા વિધાર્થીઓ દ્વારા કુમકુમ તથા દિપ પ્રાગટ્યથી ગીતાજીનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના શિક્ષિકા શ્રીમતિ જીનીબેન મહેતાએ ગીતાજી વિશે માહિતી આપી અને આપણા જીવનમાં ગીતાનું મહત્ત્વ સમજાવ્યું હતું. ગીતાજયંતી એ મોક્ષદા એકાદશી હોવાથી તેનું મહત્ત્વ સમજાવતો વિડીયો પણ નિહાળ્યો હતો. ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી ડો.એસ.એમ. પટેલ સાહેબે ગીતાજી વિશે વિશેષ માહિતી આપતા જણાવ્યું હતું કે આપણે સમગ્ર જીવન કેવી રીતે જીવવું તેની તમામ માહિતી ગીતાજીમાં છે. જીવનમાં કોઈ પણ પ્રશ્ન હોય તેનો ઉકેલ ગીતામાં રહેલો છે. અંતે કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.



ભગવાનના સંબંધને પામ્યા એવા વૃક્ષવેલી પણ દેવતુલ્ય છે
તો જે ભગવાનની ભક્તિ કરતો હોય તેને દેવ તુલ્ય જાણે એમાં નું કહેવું ?









ગીતા જયંતિ ઉજવણી

## શ્રી સ્વામિનારાયણ પ્રાથમીક/માધ્યમિક શાળા
## પ્રવાશ, રાજસ્થાન









POEM RECITATION COMPETITION
1ST RANK WINNERS

## શ્રી ઘનશ્યામ એકેડમી
## વિવિધ પ્રવૃતિ



POEM RECITATION COMPETITION
2ND RANK WINNERS



Salad Decoration Competition



Recognition Of Fruits And Vegetables Competition



માતૃછાયા શાળાના બાળકોનો છતેડી ધામે પ્રવાશ પ્રસંગે બાળકોએ કરેલ
ધૂન અને પ્રસાદ વિતરણ



MURTI
JANUARY 2026
Year - 23 : Issue - 01

Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2026



હળવદ મધ્યે બહેનોના મંદિર નિર્માણનું ખાતમુહૂર્ત - તા. ૦૬/૧૨/૨૦૨૫

**-: Publisher :-**

Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria